જાન્યુઆરી-૨૦૨૪

અંક - ૫૫


સંપાદકીય બોર્ડ

- શ્રી એચ.જી. દવે
- શ્રી એસ.જે. મહેતા
- શ્રી એમ.એમ.ઠક્કર
- શ્રી પી.ટી.પઢેરીયા


## અનુક્રમણિકા


- આજના માતા-પિતાને મુંજવતો પ્રશ્ન શિક્ષણનું માધ્યમ સારું કયું માતૃભાષા કે અંગ્રેજી ?
- ગીતા જયંતી
- સૂર્ય ને નમસ્કાર
- રાષ્ટ્રિય યુવાદિન
- તને ચાર ચાર...
- નિઃસ્વાર્થ સેવા
- Photography
- Have you heard of india's hidden book village??
- શાળાની પ્રવૃત્તિઓ


# અરૂણોદય




ડિઝાઈનઃ- એમ.એમ.ઠક્કર(મા.શિક્ષક) ૯૦૯૯૯૫૨૪૦૧

# તંત્રી સ્થાનેથી

સર્વે જીએમડીસી , જીએસઇસીએલ કર્મચારી ભાઇઓ-બહેનો , શિક્ષકમિત્રો તથા વિદ્યાર્થીઓ સૌને સાદર વંદન ''અરૂણોદય'' જાન્યુઆરી-૨૦૨૪ ,અંક-૫૫ ને આપ સર્વની સમક્ષ રજુ કરતાં ખૂબ ખૂબ હર્ષની લાગણી અનુભવું છું.

તંત્રી સ્થાનેથી સર્વેને હું આ અરૂણોદય અંકમાં આપ દ્વારા કોઇપણ લેખ આપવામાં આવશે તો તે સ્વીકાર્ય રહેશે. જેથી આજના આ ઓનલાઇન જમાનામાં સુંદર લેખો વાંચવા માટે અને લખવા માટે કર્મચારીઓ તથા તેમના આશ્રિતો પ્રેરિત થશે અને વધુમાં વધુ લેખો આપણે આ અંકમાં સમાવી શકીશું.

તંત્રી




# આજના માતા-પિતાને મુંજવતો પ્રશ્ન શિક્ષણનું માધ્યમ સારું કયું માતૃભાષા કે અંગ્રેજી ?




**Dilip Bhalgamiya**
Assistant manager(HR)
Panandhro Extantion






આજના માતા-પિતા શિક્ષણ બાબતે બે વર્ગમાં વહેચાયેલા દેખાય , એક વર્ગ એવો છે અંગ્રેજી માધ્યમના હિમાયતી છે, જ્યારે બીજો વર્ગ માતૃભાષામાં શિક્ષણને પ્રાધાન્ય આપે છે.

વિવિધ સંસ્કૃતિઓ અને સંસ્કૃતિમાં એક ભાષાકીય સમુદાયની ઓળખના દાવા સાથે આ મામલામાં માતૃભાષાના મહત્વના મુદ્દાથી શરૂ કરીએ આ મુદામાં એવી દલીલો કરવામાં આવે છે કે, કોઈપણ ભાષાકીય સમુદાયની માતૃભાષાને સાચવવા અને તેને પ્રોત્સાહન આપવાની પ્રચંડ જરૂરિયાત હોવાથી તેનું મહત્વ છે બીજું કે જ્યારે વિદ્યાર્થીઓ માતૃભાષા માધ્યમમાં શિક્ષણ મેળવે છે, ત્યારે તેઓ માતૃભાષા ભાષાની મજબૂત સમજણ વિકસાવે છે. આ તેમને વધુ માહિતી મેળવવા અને વિષયોને વધુ સારી રીતે સમજવા માટે સક્ષમ બનાવે છે. તેઓ તેમની સમજણ વધારવા માટે વિવિધ ભાષાઓની પણ મદદ લઈ શકે છે. માતૃભાષામાં શિક્ષણથી વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધે છે. તેઓ તેમની માતૃભાષા સાથે પરિચિતતા અને જોડાણની લાગણી અનુભવે છે, જેનાથી તેઓ પોતાની જાતને વધુ મુક્તપણે અને આત્મવિશ્વાસપૂર્વક વ્યક્ત કરી શકે છે. માતૃભાષામાં શિક્ષણથી વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના ભાષાના અવરોધો દૂર થાય છે. તે સીમલેસ કોમ્યુનિકેશનની સુવિધા આપે છે અને સુનિશ્ચિત કરે છે કે સૂચનાઓ અને સમજૂતી સ્પષ્ટ અને સરળતાથી સમજી શકાય છે.

હવે એ લોકોના તર્કોને સમજીએ જે અંગ્રેજી શિક્ષણને વધારે પ્રધાન્ય આપે છે કારણકે અંગ્રેજીએ આંતરરાષ્ટ્રીય ભાષા છે જે રાજકારણ, વિજ્ઞાન, મીડિયા અથવા કલા જેવા તમામ ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સ્તરે વાર્તાલાપ કરવામાં ઉપયોગી થાય છે, વિદેશની સારી સારી યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ માટે અંગ્રેજી જરૂરી છે. અંગ્રેજીમાં સારી ફાવટ રાખવાથી આપણને જીવનમાં કારકિર્દી માટે વધુ તકો મેળવવામાં મદદ મળે છે, આંતરરાષ્ટ્રીય વેપાર માટે અંગ્રેજીનો વ્યાપક ઉપયોગ થાય છે માટે જ રાષ્ટ્રીય સરહદો પર વાતચીત કરવા અને વિદેશી વેપારી પક્ષો અથવા વ્યાવસાયિકો સાથે વ્યવહાર જાળવવા માટે અંગ્રેજી આવશ્યક છે. સારી નોકરી અને સારા પગાર મેળવવા માટે અંગ્રેજી આવશ્યક છે. બહુરાષ્ટ્રીય કંપનીઓ અને ઘણી આંતરરાષ્ટ્રીય કોર્પોરેશનો એવા લોકોને શોધે છે કે જેમનું અંગ્રેજી ભાષાનું સારું જ્ઞાન હોય. કામ માટે વિદેશ જવા માંગતા લોકો માટે પણ અંગ્રેજી જાણવું જરૂરી છે. એર ઈજનેર, ડોકટર, વૈજ્ઞાનિક, હોસ્ટેસ, પાયલોટ, ટ્રાવેલ ગાઈડ, મીડિયા મેનેજર વગેરે તરીકે વિવિધ નોકરીઓ માટે અંગ્રેજી જરૂરી છે. માહિતીના સુપરહાઈવેની આજની દુનિયામાં, કોઈપણ માહિતીને સરળતાથી મેળવવા માટે અંગ્રેજી આવશ્યક છે અને લગભગ મોટાભાગની માહિતી અંગ્રેજીમાં ઉપલબ્ધ છે. અંગ્રેજીએ ટેકનોલોજી અને ઈન્ટરનેટની ભાષા છે.

માતૃભાષા અને અંગ્રેજી ભાષા બંને એક સિક્કા બંને બાજુ સમાન છે જે બંનેની આજના યુગમાં જરૂરિયાત છે જો ઉપરોક્ત બંને મુદા યોગ્ય ભાવના અને પરિપ્રેક્ષ્યમાં ધ્યાનમાં લેવામાં આવે તો માતૃભાષા ના વિદ્યાર્થીઓને સારી રીતે અંગ્રેજી શીખવવાની અને શિક્ષણની પ્રક્રિયાને સફળ બનાવવા માટે શિક્ષણ વિભાગ , વિદ્યાર્થીઓ, શિક્ષકો, માતા-પિતા અને સત્તાવાળાઓને નિષ્ઠાવાન પ્રયાસ કરવાની તાતી જરૂરિયાત છે. એ નોંધવું અગત્યનું છે દરેક હિતધારકો દરેક વિદ્યાર્થી માટે અંગ્રેજી શીખવાના અનેકગણા ફાયદાઓને ધ્યાનમાં લે તે અત્યંત આવશ્યક છે.


# ગીતા જયંતી



**એમ.એ.ગોસ્વામી**
માધ્યમિક શિક્ષક

ગીતા સંવાદ એ મહાભારત (યુદ્ધ) ગ્રંથનો એક અનિવાર્ય મહત્ત્વનો વળાંક આપતો ભાગ છે.

માગસર સુદ અગિયારસના શુભ દિવસને ગીતાજયંતી દિવસ ગણવામાં આવે છે. ખરેખર તો જ્યાં સામસામા લડવાનું છે, ખતમ કરવાના છે એવાં યુદ્ધક્ષેત્રમાંથી, મહાભારતના આ યુદ્ધમાંથી ગીતા સંવાદ - શ્રીકૃષ્ણના શ્રી મુખેથી કહેવાયેલા અને અર્જુન દ્વારા સંભળાયેલો છે. આ સંવાદ પ્રાપ્ત થવાથી આ ગીતાજીનાં વાંચન-ચિંતન-મનન અને જ્ઞાનથી મનનો મેલ ધોવાય છે. મન-સમજ ચોખ્ખા અને સ્પષ્ટ બને છે. ચિત્ત શુદ્ધ થાય, બુદ્ધિ બળવત્તર બને છે. કર્મબંધનમાંથી મુક્તિ મળે, નમ્રતા વધુ થાય છે, અભિમાન ઓગળી જાય છે. ગીતા કોઈ સંપ્રદાયનો ગ્રંથ નથી, પણ સમગ્ર માનવસમાજનો જીવન ઘડતર કરતો ધર્મગ્રંથ છે. રોજે રોજ થોડું થોડું વાંચન-ચિંતન થાય તો આપોઆપ જીવન સુધરે છે.





# સૂર્ય ને નમસ્કાર



કુ. એન.વી. સોરઠીયા
ઉચ્ચ.માધ્ય.શિક્ષક

સૃષ્ટિમાં રહેલા કુદરતી તત્વોનાં માનવ ઉપર અનંત ઉપકારો છે. નિ:સ્વાર્થ પ્રકાશ , ઉર્જા અને શક્તિનો અખૂટ ભંડાર એવા સૂર્યને પણ યાદ કર્યા વિના કેમ રહી શકાય ? સૂર્યને જેટલા પણ નમસ્કાર કરીએ તેટલા ઓછા છે.

આજનો બુધ્ધિશાળી માનવ **સૂર્યને ધગધગતો ગોળો** માની ફક્ત વૈજ્ઞાનિક ભૂમિકાથી તેનું મહત્વ જોતો રહેલો છે. પ્રાચીન વેદો , ઉપનિષદોમાં તો સૂર્યને દેવ માનવામાં આવ્યા છે. આર્યકાળમાં સૂર્યની ઉપાસના કરવામાં આવતી હતી. તમામ જીવસૃષ્ટિનો આધાર સૂર્ય છે. ઊર્જા અને ચેતનાનો તમામ સંચાર કરતો સૂર્ય સારા કર્મો કરવાની પણ પ્રેરણા આપે છે.

સૂર્ય હંમેશા સતત આપતો રહેલો છે એટલે કે કોઈપણ પ્રકારના સ્વાર્થ અને અભિમાન વગર પોતાનું કાર્ય કરતો રહીને **'દાની'** ની ભૂમિકા ભજવે છે. સૂર્ય કદી પોતાની નિયમિતતા ચૂકતો નથી. આપણે કદાચ મોડાં ઊઠીએ , આળસ કરીએ પણ સૂર્ય કદી **ઊદય** અને **અસ્ત** માં આળસ કરતો નથી.

આપણાં ઘરોમાં વપરાતી વીજળીનું બિલ જેટલો વપરાશ કરીએ તેટલું ભરવું જ પડે. જ્યારે **સૂર્ય કદી માનવ પાસેથી પ્રકાશ અને ઊર્જાના બદલામાં બિલ માંગતો નથી.** આવું બારીકાઈથી વિચારવાની ફૂરસદ માનવ પાસે નથી.

**ખરેખર સૂર્ય એ આપણા મિત્ર અને આરાધ્ય દેવ છે.** સતત ભાગદોડ ભરી અને તનાવ યુક્ત જીવન જીવતા માનવ પાસે સૂર્યની ઉપાસના કરવાનો સમય જવલ્લેજ મળે છે. સૂર્ય નમસ્કારના મંત્રો બોલતા બોલતા તેનું પૂજન કરીએ ત્યારે ખરા અર્થમાં સૂર્યને નમન કર્યા ગણાય.

આજકાલ શારીરિક શ્રમ ન થવાના કારણે માનવ રોગનો ભોગ બને છે. શારીરિક સ્વસ્થ્ય જોખમાતું રહેલું છે. **સરકાર દ્વારા અભિયાનના ભાગ રૂપે સૂર્ય નમસ્કાર જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી રહી છે.** તેમાં કદાચ ફક્ત શારીરિક દૅષ્ટિએ માનવને વધુ પુષ્ટ અને શક્તિશાળી બનાવવાનો હેતુ હોઈશકે જેથી તે રોગો સામે લડી શકે પરંતુ સાથોસાથ આધ્યાત્મિક દૅષ્ટિકોણ એટલો જ જરૂરી છે. કંઈ ન કરવું એના કરતાં સૂર્યનમસ્કાર કરવા તેવું માનવું એ આપણી સંકુચિત દૅષ્ટિ છે. શારીરિક , માનસિક ,આધ્યાત્મિક દૅષ્ટિને ધ્યાનમાં રાખી સૂર્યને નમન કરીએ તઓ તે ખરા નમન ગણાશે.



# રાષ્ટ્રિય યુવાદિન



એસ.એસ.ભગોરા
માધ્યમિક શિક્ષક

આંતરરાષ્ટ્રિય યુવા વર્ષના ઉપક્રમે સન 1985 માં ભારત સરકારે એક મહત્વ પૂર્ણ નિર્ણય લીધો હતો. સ્વામી વિવેકાનંદના જન્મ દિવસ 12 જાન્યુઆરીને પ્રતિવર્ષ રાષ્ટ્રિય યુવા દિનના રૂપમાં ઉજવવો. આની પાછળ નું કારણ એવું જોવામાં આવે છે કે સ્વામી વિવેકાનંદ નું જીવન દર્શન અને જે આર્દશોનું એમને પાલન કર્યુ તથા જેમણે એમને ઉપદેશ અને આદેશ આપ્યો એ ભારતના તમામ યુવાવર્ગ માટે પ્રેરણાનો મહાસ્ત્રોત બની શકે તેમ છે . આના સંર્દભમાં ભારત સરકાર રાષ્ટ્રીય યુવા સપ્તાહ (12 થી 19) જાન્યુઆરી યુવા કાર્યક્રમો ઉજવવામાં આવે છે અને આ કાર્યક્રમોનો હેતુ સ્વામી વિવેકાનંદના ઉચ્ચ આર્દશો તેમના ગુણો પર વિચાર કરવા યુવાનોને તક આપવામાં આવે છે.

ચિર યુવા સ્વામી વિવેકાનંદ યુવાવર્ગ માટે સદાયે આર્દશ રૂપ છે. તેમને 39 વર્ષની યુવાવસ્થા એજ મહા સમાધિ લીધી અને પોતાની યુવાવસ્થામાંજ મહત્વના શિખરો આંબી લીધા હતા. તેમનું 12 ભાગમાં પ્રગટ થયેલા સ્વામી વિવેકાનંદના સંપૂર્ણ સાહિત્યનું અધ્યન કરવાથી એ જોવા મળે છે કે મોટે ભાગે તેમને લખેલા પત્રો, સાહિત્ય યુવાનોને સંબોધીને લખેલા છે અને યુવાનોને પ્રેરણા આપતા તેમના વાર્તાલાપો અને વ્યાખ્યાનો છે. તેમના વ્યાખ્યાનો સાંભળીને ઘણા બધા યુવક – યુવતિઓ એ પોતાનું જીવન ભારત વર્ષ માટે સમર્પિત કરી દીધું હતુ.

સ્વામી વિવેકાનંદનો સંદેશ દરેક આજની યુવા પેઢી માટે પ્રેરણા સ્ત્રોત છે અને આજની પેઢી સ્વામીજીના લેખો , પત્રો , તેમના ગ્રંથો , ભાષણો વાંચશે તો તેમણે તેમના જીવન માટે ખૂબ લાભદાયી થશે એમ હું માનુ છુ. યુવાનોમાં સુષુપ્ત પણે રહેલી યુવા શક્તિને જગાડવા માટે આજે યુવાનોને વિધુત આંચકાની જરૂર છે અને યુવાનોને એ વિધુત આંચકો વિવેકાનંદના ગ્રંથો માંથી અને તેમનામાં જે ગુણો હતા જેવા કે રાષ્ટ્રપ્રેમ , એકાગ્રતા અને ચારિત્ર્ય જેવા કેટલાક પ્રસંગો તેમનાં જીવન માંથી મળશે. આજનો યુવાન એશ , આરામની આશામાં ડૂબેલી ફક્ત નોકરી મેળવવા માંજ જીવનનું સર્વસ્વ માનનારી આજની યુવા પેઢીને પોતાના ચારિત્ર્ય નિર્માણ અને દેશના સર્વોચ્ચ વિકાસમાં કાર્યમાં લાગી જવાની પ્રેરણા , શક્તિ સ્વામિ વિવેકાનંદના લખાણો માંથી મળે છે. આજનો યુવાન ઉચિત માર્ગદર્શનના અભાવે પોતાની શક્તિ વેડફી રહ્યો છે અને તેને ઉચિત માર્ગદર્શન માટે સ્વામી વિવેકાનંદના પુસ્તકો , ગ્રંથો વાંચવાથી તેમને અત્યંત ઉપયોગિ નિવડી શકે તેમ છે.

આજે આપાણો દેશ જ્યારે અનેક સમસ્યાઓ માંથી પસાર થઈ રહ્યો છે ત્યારે યુવા વર્ગની અનેક જવાબદારીઓ વધી જાય છે. સ્વામીજીની યુવા વર્ગ પાસે ઘણી અપેક્ષાઓ હતી તેઓ કહેતા કે 'મને યુવા પેઢીમાં , આધુનિક પેઢીમાં શ્રધ્ધા છે' આમ આ તમામ બાબતો ને કેન્દ્રમાં રાખીને 12 જાન્યુઆરીને યુવાદિનની ઉજવણીમાં દરેક સંસ્થા / શાળા / કોલેજ યુવા સંગઠન અને આપણી સૌની ફરજ છે કે આ દિવસનો મહિમા વધારી યુવાનોને પોત્સાહિત કરી અને વિવિધ કાર્યક્રમો યોજીને આજના આ મહાન દિનને સાર્થક રીતે ઉજવીએ.

["ઉઠો જાગો અને ઈચ્છિત લક્ષ પ્રાપ્ત ના થાય ત્યાં સુધી સતત મંડયા રહો"]

# તને ચાર ચાર...




બી.પી. દવે
માધ્યમિક શિક્ષક




મારા વ્હાલા વિધાર્થી તને પાટી લઈ દઉ
તને ચાર ચાર ખુણા વાળી પાટી લઈ દઉ
તને પાટીના ગમે તો નોટબુક લઈ દઉ
તને ચાર ચાર......



તને નોટબુક લખવા માટે પેન્સિલ લઈ દઉ
જો તને પેન્સિલ ના ગમે તો બોલપેન લઈ દઉ
તને ચાર ચાર......





તને ચિત્રો દોરવા મીણીયા કલર લઈ દઉ
મીણીયા કલર ના ગમે તો સ્કેચપેન લઈ દઉ
તને ચાર ચાર......







તને રમતો રમવા માટે બોલ લઈ દઉ
તને બોલ ના ગમે તો સાથે બેટ લઈ દઉ
તને ચાર ચાર......



તને ભણતર ભણવા માટે ચોપડી લઈ દઉ
જો ચોપડી ના ગમે તો જ્ઞાન - ગમ્મત લઈ દઉ
તને ચાર ચાર......





# નિ:સ્વાર્થ સેવા



પી.બી. પ્રજાપતી
ઉચ્ચ.માધ્યમિક શિક્ષક

આજે કોઈપણ કાર્ય પાછળ સ્વાર્થન હોય તેવું જવલ્લે જ  જોવા મળે છે. બીજા પાસે કામ કરાવવામાં યા તો બીજા માનવ સાથે સંબંધ બાંધવામાં સાતમાં પડદે પણ સ્વાર્થ છુપાયેલો હોય છે. માનવ પોતાની બુધ્ધિનો ઉપયોગ પોતાના શ્રેય માટે જ વાપરતો રહેલો છે. દરેક બાબતમાં સ્વાર્થ પૂર્ણ દૃષ્ટિકોણ ધરાવતો માનવ બીજાનું અહિત કરતા પણ અચકાતો નથી. આ તો વાત થઇ સ્વાર્થી લોકોની પરંતુ એવા કેટલાયે નર રત્નો , સંતો પાક્યા જેમણે પોતાનો અંગત સ્વાર્થ ન જોતા હંમેશા બીજાની નિ:સ્વાર્થ સેવા કરવામાં પોતાનું જીવન વ્યતિત કર્યુ હોય. પોતાનો માનવ ધર્મ ખરી રીતે બજાવીને એક ખરા માનવની ઓળખ ઊભી કરી તેવા સ્વામી વિવેકાનંદ એક વખત અલમોડા પહોંચ્યા. તેમણે પહાડો ચડવાનો અનુભવ ન હોઇ થાકી ગયા. ત્યાંથી પસાર થઇ રહેલા ફકીરને દયા આવી. તેણે વિવેકાનંદના મોંઢા પર પાણી છાટી એક ફળ કાપી ખાવા માટે આપ્યું અને ત્યાંથી ચાલતી પકડી. સ્વામી વિવેકાનંદની આંખો તે ફકીરને શોધી રહી હતી. વિશ્વધર્મ  પરિષદ થી પરત આવ્યા બાદ ફરી એક વખત સ્વામી વિવેકાનંદ અલમોડા પહોંચ્યા. પ્રવચન કરતાં કરતાં અચાનક સ્વામી વિવેકાનંદની નજર તે ફકીર પર પડી જેણે તેમનો જીવ બચાવ્યો હતો. સ્વામી વિવેકાનંદએ તેમની પાસે જઇ આભાર માન્યો. જીવ બચાવવા પાછળનો ફકીરનો કોઇ સ્વાર્થ ન હતો. તેમણે પોતાનો માનવ ધર્મ નિભાવ્યો. ફકીર બોલ્યા, “તમારા પ્રવચનમાં સેવા કાર્યને તમે હંમેશા ઉતમ ધર્મ બતાવો છો” તેમાંથી જ મે પ્રેરણા લીધી છે. આપ મને શરમમાં ન મૂકો.

ખરેખર આ પ્રસંગે આપણને પણ સમજાવી જાય છે કે બીજાની સેવા કરવામાં પોતાની જાતનું પ્રદર્શન કરવું યા તો મોટાઇ લેવી  તે ઉન્નત માનવનું લક્ષણ નથી. સેવા કરો તો મેવા પણ તેમાં જો સ્વાર્થ ભળે તો તે સેવા પણ ક્યારેક સજારૂપ બની જતી હોય છે.

## Photography




Bina D. Bhatt
Sec. School Teacher

















# *Have you heard of india's hidden book village??*




***Puneet Singh***
Overman,
Umarsar Lignite Project


**It's right here in Kerala.... This is the book Village of India.**

**It all started with just one tiny library... People loved reading here, talking about books and building a community.**

**They enjoyed these books so much that they decided to build as many tiny libraries all over the village.**

**The name of this Village is Perumkulam in Kerala.**

**Libraries at bus stands, tea stalls, post offices and everywhere.**

**So, as you are just walking around every 300 meters, you will see these Pustakaghars or Book Nests**

**So while people wait for bus or anything, instead of scrolling in mobile, they start reading, the love for reading grew and this place became home to over 20000 books and many many book clubs.**

**The best part is, all the books here are for free, it's a simple deal you take a book and leave one behind but this isn't just about books, it's about the community that values knowledge over everything else.**

**I hope this Village inspires others too because if each one of us will build book nests in our own cities, INDIA can be an even smarter, richer and happier country.**

**It's need of the hour, let's think about it.**

**Happy Reading**



# શાળાની પ્રવૃત્તિઓ

## શાળાના વિદ્યાર્થીઓની ચિત્ર પ્રતિભા





ધ્રુવી જે. જોષી
ધોરણ- ૯






હિરલ ડી. રાઠોડ
ધોરણ- ૯






નિષ્ઠા કે. તન્ના
ધોરણ- ૯









## મોટીવેશન કાર્યક્રમ ધોરણ -૯









શાળાની વિદ્યાર્થીનીઓ
માટે ગુજરાત સરકાર દ્વારા
કાર્યક્રમ
"ગુડ ટચ - બેડ ટચ"



# તાલુકા કક્ષાનો કલામહાકુંભ
































બી.એસ.એફ.- કોટેશ્વર દ્વારા આયોજીત કાર્યક્રમમાં આપણી શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ

# ગણિત દિવસની ઉજવણી



